અપીલ અરજી નં.૧૫૦ તા.૫–૭–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી ભાણાભાઈ નરસિંહભાઈ પટેલ
સામાવાળા:– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકત:–**

વિષય:–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભાણાભાઈ નરસિંહભાઈ પટેલની તા.૧૯–૫–૧૧ની અરજીથી ડીસ્ટ્રીકટ સુરતના સબ ડીસ્ટ્રીકટ તાલુકા સીટીના મોજે ગામ બમરોલીના ટી.પી.સ્કીમ નં.૭૨ માં સાઈટ Site And Service For S.M.C.(H-11) માં સને ૨૦૦૧ અગાઉ તથા ત્યારબાદ અને હાલમાં કયા કયા બ્લોક નંબર રીઝર્વેશનમાં મુકાયેલા છે.તે નંબરોની માહિતી આપવા બાબત તથા તેમ કરવાના મિલકત નંબર સહીતનાં ફેરફારોના કારણોની માહિતી આપવા બાબત વિગેરે તમામ આખા રેકર્ડની સહી સિકકાવાળી નકલ આપવા બાબત.

સંદર્ભ:–અરજદાર મજકુરની અપીલ તા.૫–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૫૦/૨૦૧૧–૧૨

શ્રી ભાણાભાઈ નરસિંહભાઈ પટેલની તા.૧૯–૫–૧૧ની અરજીથી ડીસ્ટ્રીકટ સુરતના સબ ડીસ્ટ્રીકટ તાલુકા સીટીના મોજે **ગામ બમરોલીના** ટી.પી.સ્કીમ નં. ૭૨ માં સાઈટ **Site And Service For S.M.C. (H-11)** માં સને ૨૦૦૧ અગાઉ તથા ત્યારબાદ અને હાલમાં કયા કયા બ્લોક નંબર રીઝર્વેશનમાં મુકાયેલા છે. તે નંબરોની માહિતી આપવા બાબત તથા તેમ કરવાના મિલકત નંબર સહીતનાં ફેરફારોના કારણોની માહિતી આપવા બાબત વિગેરે તમામ આખા રેકર્ડની સહી સિકકાવાળી નકલ આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૭–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૪૧ તા.૭–૭–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૧૮૯ તા.૧૫–૭–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર નં.ટીપીડી/આ.નં.૧૧૭ તા.૧૪–૬–૧૧ ના પત્રની નકલ અત્રે પૂરક વિગતમાં મળેલ છે.

અરજદારની તા.૧૯–૫–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ ટાઉન પ્લાનીંગને સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં કોઈ માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૫–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે પૂરી પાડવામાં આવેલી વિગતોમાં પત્ર નં.ટીપીડી/આ.નં.૧૧૭ તા.૧૪–૬–૧૧ થી " ડીસ્ટ્રીકટ સુરતના સબ ડીસ્ટ્રીકટ તાલુકા સીટીના મોજે **ગામ બમરોલીના** ટી.પી.સ્કીમ નં. ૭૨ માં **(H-11) Site And Service For S.M.C.** માં સને ૨૦૦૧ અગાઉ પુનરાવર્તિત વિકાસ યોજના –૧૯૯૬ મુજબ તથા ત્યાર બાદ અને હાલમાં મંજુર વિકાસ નકશા–૨૦૦૪ મુજબ બ્લોક નં.૭૦/પૈ, ૮૬/પૈ, ૯૨/પૈ, ૯૩ થી ૧૦૨ નો સમાવેશ થાય છે બાકીની વિગતો સ્પષ્ટ થતી ન હોય નકલો આપવાનો પ્રશ્ન રહેતો નથી. " તેવું જણાવેલ છે. આમ અરજદારને ટીપી નં.૭૨ માં ૨૦૦૧ અગાઉ તથા ત્યાર બાદ ના રીઝર્વેશન પ્લોટોની માહિતી સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. જયારે અરજદારે તેમ કરવાથી મિલ્કત નંબર સહિતના ફેરફારના કારણો સહિતની માહિતી આપવા તમામ આખા રેકર્ડની સહી સિકકાવાળી નકલો બાબતે વિગતો સ્પષ્ટ થતી ન હોય નકલ આપવાનો પ્રશ્ન રહતો નથી તેવું જણાવેલ છે. આમ અરજદારને માંગેલ માહિતીની વિગત પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર બાકીની વિગતો બાબતે સ્પષ્ટતા કરી વિગતો મેળવી શકે છે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૯–૫–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેથી અપીલ અરજી વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. પરંતુ અરજદાર ઈચ્છુક હોય તો બાકીની વિગતો અંગે જાહેર માહિતી અધિકારી સમક્ષ સ્પષ્ટતા કરી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ –૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ભાણાભાઈ નરસિંહભાઈ પટેલ,